પ્રભો અંતર્યામી જીવન જીવના દીનશરણા, પિતા માતા બંધુ, અનુપમ સખા હિતકરણા,

**રાજ્યમાં વધુ ૫૧૩ નવા કેસ : અમદાવાદમાં ૩૩૦ : ગાંધીનગરમાં ૧૧**

સાવચેત રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

માસ્ક પહેરીએ દો ગજની દૂરીનો અમલ કરીએ.. સેનેટાઈઝરનો ઉપયોગ કરીએ..

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૯૩ | ૧૨ જુન, ૨૦૨૦, શુક્રવાર; જેઠ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


## ભારત વિશ્વમાં કોરોના કેસમાં ચોથા ક્રમે

**છેલ્લા ૨૪ કલાકમાં ૯૯૯૬ પોઝિટિવ કેસ અને ૩૫૭ લોકોના મોત : કોરોના સંક્રમિતોનનો આંકડો ૨૯૭૦૦૧ સુધી પહોંચ્યો, મૃત્યુઆંક ૮૧૦૨ને પાર, સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા ૧૪૬૦૭૪**

ન્યુ દિલ્હી,તા.૧૧

દેશમાં અનલોક-૧માં આજે ગુરૂવારે સવારે પૂરા થયેલા ૨૪ કલાક દરમ્યાન અત્યારસુધીમાં સૌથી વધુ ૧૧૧૫૬ કેસો બહાર આવતાં કોરોના દર્દીઓની સંખ્યા કૂદકે ભૂસકે વધીને ૨૯૭૦૦૧ થઈ ગઈ છે. સાથે જ છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ ૩૫૭ લોકોના મૃત્યુ. સાથે જ અત્યાર સુધીમાં કુલ ૮,૧૦૨ લોકોના મોત થયા છે.

તો બીજી તરફ દિલ્હીમાં સંક્રમિતોની સંખ્યા પણ સતત વધી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં અહીંયા ૧૫૦૧ દર્દી મળ્યા હતા. મંગળવારે ૧૩૬૬ દર્દી મળ્યા હતા. એટલે કે મંગળવારથી અત્યાર સુધી લગભગ ૧૦ ટકાનો વધારો જોવા મળ્યો છે. સાથે જ દેશના સૌથી પ્રભાવિત ૬ રાજ્યોમાંથી દિલ્હીનો રિકવરી રેટ ૩૭.૫૨% છે, જે સૌથી ઓછો છે.

● અનુસંધાન પાન-૭ પર

## દેશના ૮૩ જિલ્લામાં માત્ર ૦.૭૩ ટકા વસતી જ કોરોનાથી સંક્રમિત

**કોરોનાથી ડરવાની નહીં, સંભાળવાની જરૂર છે : હાલમાં હાથ ધરાયેલા સર્વેમાં કોરોના મહામારીથી ડરવાની નહીં પણ કાળજી રાખવાની જરૂર હોવાનું તારણ બહાર આવ્યું : લોકડાઉનના ઘણા લાભ થયા**

નવી દિલ્હી, તા. ૧૧

દેશના ૮૩ જિલ્લામાં માત્ર ૦.૭૩% વસતી કોરોના વાયરસથી સંક્રમિત છે. શ્રેષ્ઠ બાબાત એ છે કે અહીં કોવિડ-૧૯ દર્દીઓનો મૃત્યુ દર વિશ્વમાં સૌથી ઓછો છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર) ના ડાયરેક્ટર જનરલ ડો. બલારામ ભાર્ગવએ સિરો સર્વેના પરિણામોની માહિતી આપતાં જણાવ્યું હતું કે વિશ્વમાં કોવિડ - ૧૯ દર્દીઓની સંખ્યા અને વિશ્વમાં દર લાખની વસતીમાં મૃત્યુ દર સૌથી ઓછો છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ સ્થિતિ ૩૦ એપ્રિલ સુધી છે, લોકડાઉન પછીના સાડા પાંચ અઠવાડિયા. જો કે, તેમણે એમ પણ કહ્યું હતું કે અમારી વધુ ગીચ વસતી હજી પણ જોખમમાં છે, તેથી સંક્રમણ ઝડપથી ફેલાય છે. તેમણે જણાવ્યું હતું કે ગ્રામીણ વિસ્તારોની તુલનામાં શહેરી વિસ્તારોમાં ૧.૦૯ અને શહેરી ઝૂંપડપટ્ટીમાં ૧.૮૯ ગણો વધુ ભય છે. આવી સ્થિતિમાં, આપણે સારવાર અને દવાઓ સહિત તમામ સાવચેતી રાખવાનો આગ્રહ રાખવો પડશે. શહેરોની ઝૂંપડપટ્ટીમાં ચેપનું જોખમ સૌથી વધુ છે. રાજ્ય સરકારોએ સ્થાનિક સ્તરે લોકડાઉન લાગુ કરવું પડશે. તેમણે કહ્યું કે કન્ટેન્ટ ઝોનમાં ચેપનું સ્તર ખૂબ જ ઊંચું જોવા મળ્યું છે. ડો. ભાર્ગવે સિરો સર્વે વિશે જણાવ્યું હતું કે તે ઘણી મહત્વપૂર્ણ બાબતોને આવરી લે છે. તેમણે કહ્યું, 'સિરોસર્વેમાં સામાન્ય માણસની

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના સંકટ દેશ સમક્ષ સૌથી મોટો ટર્નિંગ પોઈન્ટ : મોદી

**લોકલ માટે વોકલ બનવાનો સમય : વર્તમાન સમયમાં દેશનું આત્મનિર્ભર બનવું ખૂબ જરૂરી છે માટે અન્ય દેશો પરની નિર્ભરતા ઘટાડવી પડશે, કોરોના મુસીબતની દવા ખાલી મનની મજબૂતી છે**



ન્યુ દિલ્હી,તા.૧૧

વડાપ્રધાન મોદીએ આજે આઈસીસીના કાર્યક્રમને સંબોધિત કરતાં કહ્યું કે ભારતને એ ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવાની અપીલ કરી છે, જ્યાં ભારત પાછળ રહ્યું છે. તેઓએ કહ્યું કે કોરોના કાળમાં આપણે આ દિશામાં આગળ વધી શકીએ છીએ.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે કોરોનામાં આખી દુનિયા લડી રહી છે ત્યારે ભારત તેમાં પાછળ નથી. દેશવાસીઓ હવે આ મુશ્કેલી સામે લડવાની ઈચ્છા શક્તિ સાથે કામ કરી રહ્યો છે. વડાપ્રધાન મોદીએ દેશવાસીઓને અને ઉદ્યોગજગતને અપીલ કરી છે કે જે ક્ષેત્રમાં ભારત પાછળ છે ત્યાં આત્મનિર્ભર બનવાનો અવસર છે. તેઓએ આજે આપણા મનમાં એક મોટો કાશ.. બનાવ્યો છે.

વડાપ્રધાનએ ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સે કહ્યં કે આજે દરેક ભારતીયોના મનમાં એક જ પ્રશ્ન છે કે કાશ અમે મેડિકલ ઉપકરણમ બનાવવાના ક્ષેત્રમાં આત્મનિર્ભર થઈ જાય. કાશ આપણે ખનીજ અને કોલસાના સેક્ટરમાં આત્મનિર્ભર થઈ જઈએ. કાશ આપણે તેલના ઉત્પાદનમાં આગળ વધીએ. ફર્ટિલાઈઝરના ઉત્પાદનમાં કાશ ભારત આત્મનિર્ભર બનીએ.

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૭૫૧૫૨૮૪ | ૪૨૦૩૪૧ | ૩૭૦૨૩૦૨ |
| ભારત | ૨૯૭૦૦૧ | ૮૪૭૩ | ૧૪૬૦૭૪ |
| ગુજરાત | ૨૨૦૬૭ | ૧૩૮૫ | ૧૫૧૦૯ |
| ગાંધીનગર | ૪૫૨ | ૨૧ | ૨૨૦ |

## અનામત મૂળભૂત અધિકાર નથી : સુપ્રિમ

**NEETમાં ઓબીસી માટે ૫૦% અનામતની માંગ માટે રીટ અમને ખુશી છે કે આ મામલામાં તમામ રાજકીય પક્ષ એક સાથે આવ્યા, પરંતુ તમે હાઇકોર્ટમાં અરજી કરી શકો : કોર્ટ**

ન્યુ દિલ્હી,તા.૧૧

રાજકિય પક્ષો માટે ખૂબ જ સંવેદનશીલ ગણાતા અનામતના મામલે દેશની સર્વોચ્ચ અદાલતે દૂરોગામી રાજકિય અને સામાજિક અસરો પેદા કરી શકે તેવા એક કેસમાં એવુ ઠરાવ્યું કે અનામતનો અધિકાર એ નાગરિકનો મૂળભૂત બંધારણિય અધિકાર નથી. નીટ(દ્વઈઈ)ની પરીક્ષામાં ૫૦ ટકા અનામતની માંગણી માટે તામિલનાડૂના વિવિધ રાજકિય પક્ષોએ એકબીજાના વિરોધને એકબાજૂએ મૂકીને સંયુકત રીટ કરી હતી. જેની સુનાવણી વખતે કોર્ટે અનામત એ મૂળભૂત અધિકાર નથી એમ

● અનુસંધાન પાન-૭ પર



## છેલ્લે... છેલ્લે...

- કેન્દ્ર સરકારે વણસતી સ્થિતિને ધ્યાને લઈ સરકારી કચેરીઓમાં ૫૦ ટકા સ્ટાફની હાજરી રાખવા જુના પરિપત્રનો અમલ કરવા આદેશ જાહેર કર્યો.
- મહારાષ્ટ્ર સરકારે નર્મદા પાસેથી ગુજરાતની સરહદ પર પ્રવેશબંધી જાહેર કરી.
- જાણીતા ઈતિહાસકાર રામચંદ્ર ગુહાના ટ્વિટરનો વિવાદ ઘેરો બન્યો. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સણસણતો જવાબ આપ્યો.
- મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેની ગંભીર ચેતવણી : મહારાષ્ટ્રમાં લોકો પ્રતિબંધોનું ગંભીરતાથી કરે પાલન, નહીં તો ફરી લાગશે લોકડાઉન
- દિલ્હીમાં લોકડાઉન વધારવા માટે હાઈકોર્ટમાં દાખલ કરાઈ જનહિતની અરજી
- દેશમાં સૌથી વધુ કોરોના સંક્રમિત રાજ્યો

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૯૭૬૪૮ |
| તામીલનાડુ | ૩૮૭૧૬ |
| દિલ્હી | ૩૪૬૮૭ |
| ગુજરાત | ૨૨૦૬૭ |
| ઉત્તરપ્રદેશ | ૧૨૦૮૮ |
| રાજસ્થાન | ૧૧૬૫૧ |

## ચીનનો ભારત પર દબાણનો પ્રયાસ

**શાંતિ વાર્તાની વાતો વચ્ચે ચીનની ભારત સામે માઈન્ડ ગેમ : ચીનના લશ્કર પીએલએ ભારત સાથેના તણાવને ધ્યાનમાં રાખીને તેની સૌથી આધુનિક તોપ પીસીએલ -૧૮૧ લદાખની સરહદ પર ગોઠવી દીધી : રિપોર્ટ**



નવી દિલ્હી

ભારત અને ચીન વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે ચાઈનાએ માઈન્ડગેમ શરૂ કરી છે અને હવે બાહુબલી તોપ લદાખ બોર્ડર પર લાવવામાં આવી હોવાનું ચીનના સરકારી મીડિયા ગ્લોબલ ટાઈમ્સે જણાવ્યું છે. પર્વતો ઉપર યુધ્ધ ક્વાયત અને ટેન્કોના વીડિયો મુક્યા બાદ હવે ગ્લોબલ ટાઈમ્સે આધુનિક તોપોની 'ધમકી' આપી છે. ગ્લોબલ ટાઈમ્સે દાવો કર્યો છે કે ચીનના લશ્કર પીએલએ ભારત સાથેના તણાવને ધ્યાનમાં રાખીને તેની સૌથી આધુનિક તોપ પીસીએલ -૧૮૧ લદાખની સરહદ પર ગોઠવી દીધી છે. ચીનના અખબારે જણાવ્યું છે કે આ તોપનું વજન માત્ર ૨૫ ટન છે. આની સાથે, આ સ્વસંચાલિત હોવિત્ઝરને સરળતાથી લાંબા સમય સુધી વહન કરી શકાય છે. પહેલાં, આવી તોપોનું વજન ૪૦ ટન હતું. ઓછા વજનને કારણે, તે ઊંચાઈવાળા વિસ્તારોમાં સરસાઈ અપાવી શકે છે જ્યાં ઓક્સિજનનું પ્રમાણ ઓછું છે. ઓછા ઓક્સિજનને લીધે એન્જિનની કાર્યક્ષમતાને અસર થાય છે. ગ્લોબલ ટાઈમ્સે દાવો કર્યો હતો કે ચીનના લશ્કરે ૨૦૧૭માં ડોકલામ વિવાદ દરમિયાન પીસીએલ -૧૮૧ પણ તૈનાત કરી હતી. આનાથી સરહદ પર શાંતિ સ્થાપવામાં સરળતા રહી હતી. અખબારે કહ્યું છે કે ભારત અને ચીન વચ્ચે તાજેતરનો વિવાદ શરૂ થયો છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવકતા ચુનિંગે

## મહારાષ્ટ્રમાં ૪૮ કલાકમાં ભારે વરસાદની આગાહી

મુંબઈ, તા. ૧૧

ચોમાસુ મહારાષ્ટ્ર પહોંચ્યું, આવતા ૪૮ કલાકમાં વાદળ ફાટ્યા બાદ મહારાષ્ટ્રમાં પણ ચોમાસાએ દસ્તક દીધી છે. રાજ્યના સિદ્ધુર્ગ, રત્નાગિરિ અંબોલી જેવા દરિયાકાંઠાના વિસ્તારોમાં વરસાદ થઈ રહ્યો છે (મહારાષ્ટ્રમાં ચોમાસુ). હવામાન વિભાગે આગામી ૪૮ કલાકમાં ભારે વરસાદ માટે એલર્ટ પણ જાહેર કર્યું છે. આગામી ૪૮ કલાકમાં મહારાષ્ટ્રના ઘણા ભાગોમાં ભારે વરસાદ થશે. મહારાષ્ટ્રમાં ચોમાસાની કઠણ સાથે હવે દેશના અન્ય ભાગોમાં પણ લોકોની રાહ જોશે. ટૂંક સમયમાં ચોમાસું દેશના વાયવ્ય, ઉત્તર અને પૂર્વ ભાગો તરફ આગળ વધશે.

## સતત પાંચમાં દિવસે પેટ્રોલ-ડીઝલના ભાવમાં ૬૦ પૈસાનો વધારો કરાયો

નવી દિલ્હી, તા. ૧૧

સતત પાંચમા દિવસે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કરાયો છે. ગુરુવારે ૬૦ પૈસાનો વધારો કરાયો છે. બુધવારે ૪૦ પૈસા વધારાયા હતા. અગાઉ રવિ અને સોમવારે ૬૦-૬૦ પૈસા તેમજ મંગળવારે ૫૪ પૈસાનો વધારો કરાયો હતો. એટલે કે પાંચ દિવસમાં પોણા ત્રણ રૂપિયાનો તોતીંગ વધારો કરી દેવાયો છે. લોકડાઉન ખુલવાની સાથે જ વિતેલા ત્રણ દિવસથી દેશમાં પેટ્રોલ-ડીઝલની કિંમત સતત વધી રહી છે અને લગભગ ૮૩ દિવસ પછી ૭ જૂને કિંમતમાં ફેરફાર જોવા મળ્યો છે. છેલ્લા ૪ દિવસમાં પેટ્રોલ પ્રતિ લીટર ૨.૭૫ રુપિયા મોંઘુ થયુ છે, ડીઝલમાં પણ આટલો જ વધારો કરવામાં આવ્યો છે. ખાસ બાબત એ છે કે, વિતેલા ત્રણ મહિનામાં પેટ્રોલ-ડીઝલ પર લાગતા ટેક્સ ત્રણ ગણા (૨૭૫%) થઈ ગયા છે. ફેબ્રુઆરી મહિનામાં પેટ્રોલ-ડીઝલ રાજ્ય અને કેન્દ્રને ચૂકવવા પડતા ટેક્સ લગભગ ૧૦૭ ટકા હતા, જે હવે વધીને ૨૭૫ ટકાની નજીક આવી પહોંચ્યા છે.

## કોરોનાની આર્થિક આફત વચ્ચે વાહનોના વેચાણમાં ૮૯%નો ઘટાડો

**જૂનના પ્રથમ સપ્તાહમાં શોરૂમ ખુલ્યા છતા વાહનોની માંગ નહીંવત**

ન્યુ દિલ્હી,તા.૧૧

કોરોના મહામારીને પગલે દેશના તમામ સેક્ટર્સને મંદીનો માર સહન કરવો પડ્યો છે. ઓટોમોબાઈલ ઉદ્યોગ પણ આમાંથી બાકાત રહ્યો નથી. એપ્રિલ અને મે માસમાં લોકડાઉનની અસરથી વાહનોની માંગ તળિયે પહોંચી ગઈ હતી. મેમાં પેસેન્જર વાહનોની રિટેલ માંગ ૮૬.૯૭ટકા ઘટીને ૩૦,૭૪૯ એકમ રહ્યું હતું. કોરોના વાયરસ લોકડાઉનથી ઓટો વેચાણને જોરદાર ફટકો પડ્યો હતો.

ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન (એડએડીએ)એ જણાવ્યા મુજબ તેમના દ્વારા ૧,૪૩૫ આરટીઓ પૈકી ૧,૨૨૫ આરટીઓમાંથી મેળવેલા રજિસ્ટ્રેશનના ડેટા મુજબ મે ૨૦૧૯માં કુલ ૨,૩૫,૯૩૩ યુનિટ પેસેન્જર વાહનોનું વેચાણ નોંધાયું હતું.

દમરિયાન સમીક્ષક ગાળાં ટુવ્હીલર વેચાણ ૮૮.૮ ટકા ઘટીને ૧,૫૯,૦૩૯ યુનિટ રહ્યું હતું જે અગાઉ ૧૪,૧૯,૮૪૨ યુનિટ રહ્યું હતું. વ્યવસાયિક વાહોનું વેચાણ ૯૬.૬૩ ટકા ઘટીને ૨,૭૧૧ (૮૦,૩૯૨) યુનિટ રહ્યું હતું.


